# અતીત અને મનુષ્ય



**ઓશો વાણી**


મન સ્વાભાવિક જ જ્ઞાત અને પરિચિતને પકડી રહેવા માંગે છે. મન તેની સાથે નિપુણ છે. મન કહે છે ‘આને પકડી લો’ ચેતના મનમાં સમાવિષ્ટ નથી થઈ શકતી. ચેતના અનંત છે અને મન ખૂબ જ નાનું છિદ્ર છે. ચેતના આકાશની જેમ છે. એ સમાવિષ્ટ નથી થઈ શકતી. ચેતના અસ્તિત્વથી દૂર તારાઓ સુધી જવા માંગે છે. ચેતના રોમાંચ છે અને તે જોખમ લેવા માંગે છે - બે પ્રકારના વિકલ્પ છે : ભયવશ તમે અતીતના પ્રત્યે મરવાનું બંધ કરી દો અને તમે અટકી જાઓ છો. સુરક્ષા અને બચાવ સડવાના યુક્તિકરણ છે. તેઓ પ્રવાહનો આનંદ ક્યારે પણ જાણી નથી શકતા. આનંદ પ્રવાહનો ઉપ-ઉત્પાદ માત્ર છે. જ્યારે નદી વહે છે ત્યારે

> **દાર્શનિક વિચારોમાં ખોવાય જવું ખૂબ જ સરળ છે. તે કોઇ પણ ઉકેલ નથી કાઢતી તે બસ તમને છેતરે છે. ધાર્મિક વિચારધારા દાર્શનિકતાના ધર્મનો ભ્રમ છેઃ ઇસાઇ ધાર્મિક વિચારધારા, હિંદુ ધાર્મિક વિચારધારા, બૌદ્ધ ધાર્મિક વિચારધારા. તે તમને જે ઉત્તર આપે છે તે પ્લાસ્ટિકના છે, નકલી છે કારણ કે વાસ્તવિક જવાબો ફક્ત પ્રશ્નોને જીવવાથી આવે છે**

આનંદ આવે છે, ત્યાં નૃત્ય છે, ત્યાં ગીત છે. જ્યારે તમારું જીવન પ્રવાહિત થાય છે, એક અવકાશથી બીજા અવકાશ તરફ ત્યાં આનંદ છે-નવીનતાનો રોમાંચ છે. તમે અતીત સાથે સુરક્ષિત રહી શકો છો. તમે સંકટની ક્ષણને ટાળી શકો છો પરંતુ ત્યારે સામાન્ય કક્ષાના બનીને રહી જાઓ છો. તેઓની ફક્ત ઉંમર વધે છે, એ વિકસિત નથી થતા, એ અટકી ગયા છે, એમનું જીવન રણ બની જાય છે, તેઓ કયારેય સમુદ્ર નથી જોઈ શકતા. તમે સમુદ્ર જ્યારે જુઓ છો અને તમે સમુદ્રમાં પ્રવેશ કરો છો ત્યારે જ તમે જાણી શકો છો કે આનંદ શું હોય છે. મનુષ્યે સતત અતીતને છોડતા જવું જોઈએ. મનુષ્યે સતત શોધવું જોઈએ, મનુષ્યે પોતાની શોધને પોષણ આપવું જોઈએ પરંતુ મનુષ્યે તેને ટાળવા માટે ઘણી બધી વસ્તુઓ નિર્મિત કરી લીધી છે. મનુષ્યે તે પ્રકારની દાર્શનિકતા ઉત્પન્ન કરી દીધી છે. દાર્શનિકતા ભટકાવ છે તે કયારેય પણ તમારી સામે વાસ્તવિક સમસ્યા નહીં લાવશે. એ ઘણા બધા પ્રશ્ન તમારી સામે રજૂ કરશે જેથી સમસ્યાને ટાળી શકાય, તે સતત નવી નવી સમસ્યાને જન્મ આપતી જાય છે અને તે સમસ્યાઓને જાણવી અને સમાધાન શોધવું અને પ્રત્યેક સમાધાનમાંથી ઘણી સમસ્યાઓ ઉત્પન્ન કરી લે છે અને આ સતત ચાલતું રહે છે. આ ભટકાવ છે. આ તમને વાસ્તવિક સમસ્યાને જોવામાં મદદ નથી કરતી. એકમાત્ર વાસ્તવિક સમસ્યા છેઃ કેવી રીતે સતત અતીતના પ્રત્યે મરતા જવું? કેવી રીતે સાહસી બની રહેવું કે હર ક્ષણ નવું જીવન જીવાય? કેવી રીતે સતત જનમ લેવાય? આ સમસ્યા દાર્શનિકતાથી ટાળી શકાય છે. તે પરમાત્માની વાતો કરે છે. તે એ વાતની વાત કરે છે કે સત્ય શું છે, તે એક ઉત્પત્તિની વાત કરે છે અને નર્ક અને સ્વર્ગની વાત કરે છે અને હજારો હજાર બીજી વાતો. દાર્શનિકતા નિરંતર વાતો કરતી જાય છે અને ખૂબ જ કકળાટ ઉત્પન્ન કરે છે. દાર્શનિક વિચારોમાં ખોવાય જવું ખૂબ જ સરળ છે. તે કોઈ પણ ઉકેલ નથી કાઢતી તે બસ તમને છેતરે છે. ધાર્મિક વિચારધારા દાર્શનિકતાના ધર્મનો ભ્રમ છેઃ ઈસાઈ ધાર્મિક વિચારધારા, હિંદુ ધાર્મિક વિચારધારા, બૌદ્ધ ધાર્મિક વિચારધારા. તે તમને જે ઉત્તર આપે છે તે પ્લાસ્ટિકના છે, નકલી છે કારણ કે વાસ્તવિક જવાબો ફક્ત પ્રશ્નોને જીવવાથી આવે છે. સમસ્યાનું સમાધાન ફક્ત તેમાં ઊતરીને જ મળી શકે છે. આનો બીજો કોઈ રસ્તો કે ઉકેલ નથી, આ અન્ય લોકોના જવાબો દ્વારા ઉકેલી શકાશે નહીં, મારો જવાબ તમારો જવાબ નહીં બની શકે, તમારે તમારી સમસ્યા સામે જાતે જીવવું પડશે. તમારે જ તમારી સમસ્યાની પીડા ભોગવવી પડશે. તમારે ઘણી પીડાઓથી, વિષાદોથી પસાર થવું પડશે. તમારે સંકટની આ ક્ષણમાં જીવવું પડશે અને ત્યારે જ તમારો બર્ફ પીગળશે અને તમે પ્રવાહિત થવા લાગશો.

(ઓશો : ‘ધ વિસડમ ઓફ ધ સેન્સ’ પુસ્તકમાંથી સૌજન્ય : ઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, પુણે.)

# ગુરુપૂર્ણિમા



**સંસ્કૃતિ દર્શન**
**સનત દવે**

સમગ્ર ગુજરાતમાં અષાઢ મહિનાની સાથે જ વરસાદે ધમાકેદાર એન્ટ્રી કરી, અડધા ચોમાસાનો વરસાદ અઠવાડિયામાં જ વરસી ગયો. વર્ષાઋતુ તો કુદરતનો સૌને ગમતીલો ઉપહાર છે પણ અતિવૃષ્ટિ થાય ત્યારે પ્રશાસન સહિત પ્રજાજનોને ત્રાહિમામ થાય એ સ્વાભાવિક છે પણ આપણા સનાતન ધર્મમાં તહેવારો, પર્વ અને વ્રતોની એવી સિસ્ટમ છે કે એના આનંદ-ઉલ્લાસમાં તકલીફો સહજ બની જતી હોય છે. અષાઢી બીજની રથયાત્રાના મોટા પર્વ સાથે મોટી દેવશયની એકાદશીનું વ્રત પણ ગત સપ્તાહે પૂર્ણ થયું. મોળાકત અને જયાપાર્વતીના વ્રતની પણ પૂર્ણાહુતિ સાથે બુધવારે ગુરુપૂર્ણિમાનો તહેવાર છે. ગુરુપૂજનનો આ દિવસે અનંત મહિમા છે.



ગુરુની મહત્તા છેક આપણને પ્રાથમિક શાળાથી જ શીખવવામાં આવતી અને તેથી આજે સનાતનમાં ગુરુપૂર્ણિમાની મહત્ત્વતા જળવાઈ રહી છે, પણ નવી પેઢીનાં યુવક-યુવતીઓને વર્તમાન- અત્યાધુનિક હવાની અસર થવા લાગી છે. મા-બાપને કે વડીલોને વંદન કરવામાં શરમ કે સંકોચ અનુભવતાં આપણાં બાળકોને સંસ્કાર અને સંસ્કૃતિનું સિંચન સતત કરતા રહેવું પડે એવી પરિસ્થિતિ છે.

વેદ-પુરાણો અને ધર્મગ્રંથોના રચિયતા વેદ-વ્યાસજીને જન્મદિવસ અષાઢી પૂર્ણિમાના દિવસે થયો હતો તેની યાદમાં ઉજવાતી ગુરુપૂર્ણિમાને ‘વ્યાસપૂર્ણિમા’ પણ કહીએ છીએ. દેવઋણ, પિતૃઋણ અને ગુરુઋણ આપણે ક્યારેય ચુકવી શકીએ જ નહીં, પણ કૃતજ્ઞતાથી પ્રત્યેક ગુરુપૂર્ણિમાએ ગુરુપૂજન અને ગુરુવંદના થકી આપણી ભાવના પ્રગટ કરતાં હોઈએ છીએ. ખરેખર તો આપણને કંઈ પણ સત્કાર્ય શીખવતા કે ઈશ્વર સામિપ્યની દિશા બતાવતા વ્યક્તિને આપણે સ્વાભાવિક જ ગુરુ માનતા હોઈએ છીએ. ખરેખર તો આપણને બાળપણથી ખાતા, બોલતાં કે આંગળી પકડીને ચાલતા શીખવનાર માતા-પિતા આપણા સૌ પ્રથમ ગુરુ છે. જે પરિવાર, મિત્રો, સ્નેહીઓ, સગાં-સંબંધીઓ અને સમાજ વચ્ચે રહેવાની જીવન વ્યવહારિકતા શીખવે છે. ગુરુપૂર્ણિમાના દિવસે સમય કાઢીને પણ મા-બાપના ચરણ સ્પર્શ જરૂર કરજો. ગુરુસમાન માતા-પિતાના આશીર્વાદ એ ગુરુના અને ઈશ્વરના આશિષ જેટલા ફળદાયી હોય છે અને ખરેખર એ ગુરુપૂર્ણિમાના પર્વનું શ્રેષ્ઠ કાર્ય હશે. ત્યારેબાદ આપણા શિક્ષકને, સાધુ-સંતોને કે જેમને પોતાના ગુરુ માન્યા હોય તેવા ગુરુજનોને વંદન કરવું. શક્ય હોય તો ચરણસ્પર્શ જરૂર કરો. ચરણસ્પર્શનો ખૂબ મહિમા શાસ્ત્રોમાં વર્ણવાયો છે.

> **વેદ-પુરાણો અને ધર્મગ્રંથોના રચિયતા વેદ-વ્યાસજીનો જન્મદિવસ અષાઢી પૂર્ણિમાના દિવસે થયો હતો તેની યાદમાં ઉજવાતી ગુરુપૂર્ણિમાને ‘વ્યાસપૂર્ણિમા’ પણ કહીએ છીએ**

ગુરુપૂર્ણિમાના પાવન અવસરનો મહિમા જૈન, બૌદ્ધ અને શીખ ધર્મમાં પણ વિવિધ પ્રકારે ખૂબ છે. ચાતુર્માસ પ્રારંભ થઈ ગયો છે એટલે જૈન સમાજના જૈન મૂનિ, સાધુ-સાધ્વી, ભગવંતો આ ચાર મહિના અપાસરા, પૌષધશાળા, જૈન ધર્મશાળા જેવા સ્થળોએ નિવાસ કરતા હાય છે જેથી જેની સેવાનો, ઉપદેશ-વાણીનો લાભ જૈન લોકોને મળતો હોય છે. ગુરુપૂર્ણિમાના અવસરે પણ આવા સ્થાયી થયેલા જૈન મૂનિ, સાધુ, ભગંવતોના પૂજન-સેવાનો લાભ મળી રહે છે. ગુરુપૂર્ણિમાના પર્વને જૈનો ત્રિનોક ગુહાપૂર્ણિમા તરીકે ઉજવે છે. 24માં તિર્થકર ભગવાન મહાવીર સ્વામીએ ગાંધારના ઈન્દ્રભૂતિ ગૌતમને અષાઢી પૂર્ણિમાના દિવસે જ પ્રથમ શિષ્ય બનાવેલ તેથી આ પર્વની મહત્ત્વતા જૈન સમાજમાં અધિક છે. ભગવાન બુદ્ધને બોધગયા ખાતે પૂર્ણ જ્ઞાન પ્રાપ્ત થયા હતું. આ દિવસે સારનાથ નામના સ્થળે પ્રથમ ઉપદેશ તેમના પાંચ શિષ્યોને આપેલ.

શીખ સમાજના દસ ગુરુઓની પૂજનનો મહિમા છે. અહીં પારંપારિક ગુરુપૂજન હંમેશ કરવાની પરંપરા તો કબીરપંથમાં ગુરુપરંપરા છે. સંત કબીરસાહેબના ખૂબ જાણીતા પરમ શિષ્ય ધીસારામજીનો જન્મ અષાઢી પૂર્ણિમાના દિવસે થયેલો જે કબીરપંથીઓ એક તહેવાર રૂપે મનાવે છે. ભારતભરના કબીર મંદિરોમાં આ અવસરે કબીરપંથીઓ માથુ ટેકવવા આવતા હોય છે. સુરતના રામપુરાના રામબાગ ખાતે આવેલ કબીરસાહેબની 300 કરતાં વધારે વર્ષ જૂની ગાદી પરંપરાગત મહંત તુલસીદાસજી સંભાળે છે. કબીર સાહેબના આ મંદિરે સવારથી જ દર્શનાર્થીઓની ભારે ભીડ જામતી હોય છે. ખાસ કરીને ગુરુપૂર્ણિમાના અવસરે પૂજા, આરતી અને વિશેષ દર્શનનો લાભ પ્રાપ્ત કરવા કબીરપંથીઓ અહીં દૂર દૂરથી આવે છે.

સદગુરુ પાસેથી સદવિદ્યાઓનો દુરપયોગ થાય ત્યારે એ અસદવિદ્યા સાબિત થતી હોય છે. ગુરુ દ્રોણના બે શિષ્યો દુર્યોધન અને અર્જુન હતા. પોતાની વિદ્યાનુ અભિમાન કૌરવપુત્ર દુર્યોધનને હતું એ જ વિદ્યા અર્જુન પાસે હતી. બંનેની ગુરુ દ્રોણે શીખવેલી વિદ્યા મહાભારત યુદ્ધમાં ઉપયોગી થઈ પણ આપણે જાણીએ છીએ કે ગુરુદ્રોણની વિદ્યાનો સદવિદ્યા અને અસદવિદ્યા તરીકે કોણે ઉપયોગ કર્યો. કાળમીંઢ પથ્થર એ પથ્થર છે ત્યાં સુધી પથ્થર જ છે, પણ શિલ્પી એની કળાથી એને કંડારીને મનોહર પ્રતિમાનું સ્વરૂપ આપે છે ત્યારે એની કિંમત વધી જાય છે એ રીતે જ ગુરુ તેના શિષ્યને વિદ્યાઓ શીખવીને મૂલ્યવાન વ્યક્તિ બનાવે છે. ભગવાન શ્રી રામે પણ ગુરુ વશિષ્ઠ ઋષિ પાસે જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું તો શ્રી કૃષ્ણે પણ સાંદિપની ઋષિના આશ્રમમાં રહી વિદ્યા પ્રાપ્ત કરી હતી. ધ્રુવ અને પ્રહલાદે બ્રહ્મર્ષિ નારદજી પાસેથી ઈશ્વરપ્રાપ્તિનું જ્ઞાન મેળવેલું. ભગવાન દત્તાત્રેયે પણ ૨૪ ગુરુ બનાવેલ એ વાત વારંવાર ઉલ્લેખાઈ છે.

ગુરુ કરતા શિષ્યો વધુ ખ્યાત થયા હોય તો એ ગુરુકૃપા જ છે. ઉદાહરણ જોઈએ તો રામકૃષ્ણ પરમહંસના શિષ્ય સ્વામી વિવેકાનંદ, સ્વામી રામાનંદના શિષ્ય સંત કબીર, સ્વામી રામદાસના શિષ્ય છત્રપતિ શિવાજી, સંત રોહીદાસની શિષ્યા મીરાંબાઈ અને એવાં અનેક ઉદાહરણ ઈતિહાસના પૃષ્ઠો પર જોવા મળે છે. માટીનું કાચું ઘર અતિવૃષ્ટિ કે વાવાઝોડામાં ધ્વંશ થઈ જતુ હોય છે પણ એ જ માટીની ઈંટ બનાવી ભઠ્ઠાના તાપમાં તપાવી સખત બનાવી તેનુ બનાવેલું ઘર આફતો સામે અડીખમ રહેવા સક્ષમ બની શકે છે. એ જ પ્રકારે અથાગ મહેનતે ગુરુ પાસેથી મેળવેલી વિદ્યા, જ્ઞાન માણસને સામાજીક જીવન જીવવાને સક્ષમ બનાવે છે. શાસ્ત્રમાં ગુરુની વ્યાખ્યા ત્રણ પ્રકારે દર્શાવાઈ છે. (૧) જ્ઞાનગુરુઃ એટલે કે શૈક્ષણિક અને આર્થિક વ્યવહારનું જ્ઞાન આપે તે જ્ઞાનગુરુ (૨) નાદગુરુઃ એટલે કે દીક્ષાગુરુ કે જેની તમે કંઠી બાંધી હોય અને સંસારનો ત્યાગ કરી માત્ર ગુરુસેવા કરતા હોય. (૩) પરબ્રહ્મ ગુરુ : ધાર્મિક અને આધ્યત્મિક રીતે જ્ઞાન પ્રદાન કરાવે એ પરબ્રહ્મ ગુરુ.

આપણે ત્યાં અનેક સંતો, ઋષિમુનિઓ અને ગુરુઓ થઈ ગયા જે, માણસને ઈશ્વરના સામીપ્ય સુધીનો સરળ માર્ગ દર્શાવતા એક પથદર્શક બની રહ્યા. ગુરુપૂર્ણિમાના અવસરે ગામ- શહેરોના આશ્રમોમાં ગુરુપૂજન સહિત અનેક કાર્યક્રમોના આયોજન થશે. રંગઅવધૂતજીના નારેશ્વર, જલારામના વીરપુર, બજરંગદાસ બાપાના બગદાણા મંદિરે, શામજીબાપુના સતાધાર, દાનબાપુના ચલાળા દાનેવ આશ્રમ, ભારથીબાપુના જુનાગઢ આશ્રમ, સચિદાનંદના દંતાલી આશ્રમ - કે સાઉથના સદ્દગુરુ જગ્ગી વાસુદેવના આશ્રમ જેવા દેશભરના સંતો-મહંતોની જગ્યા, આશ્રમ કે મંદિરોમાં ભક્તોની ભીડ જરૂર જોવા મળશે. જો કે સનાતની તહેવાર કોઈ પણ આવે એ પ્રસંગે અયોધ્યા, કાશી, પ્રયાગરાજ, તિરૂપતિ જેવાં યાત્રા ધામોમાં પણ યાત્રાળુઓના ધસારાથી વિશેષ વ્યવસ્થા પ્રશાસકોને કરવી પડતી હોય છે.

॥ कृष्णस्तु भगवान स्वयम् ॥

**લેખાંક-૭૪**

# ગોપબાળકો સાથે ક્રીડા અને અઘાસુરનું આગમન

**અધ્યાત્મ દર્શન**
**અનુપ શાહ**

એક દિવસ સવારે શ્રીકૃષ્ણને પોતાને જંગલમાં જઈ શિરામણ (ભોજન) કરવાનું મન થતાં પ્રભાતમાં વહેલા ઊઠી મહિષશિંગ વાજિંત્રના સુંદર સ્વરથી સઘળાં બાળકોને જગાડ્યાં અને તમામ બાળકોએ વાછરડાંઓને આગળ કરી વન તરફ પ્રસ્થાન કર્યું. તેમનાં સેંકડો મિત્ર બાળકો અને સખીઓ પણ શિંગ, છડીઓ, ઝોલા તથા વેણુ વગેરે અનેક પ્રકારની સામગ્રીઓ લઈ પોતપોતાનાં વાછરડાંઓના મોઢા આગળ કરી આનંદથી તેમની સાથે જ નીકળીને, જાણે જુલુસ નીકળ્યું હોય અને અત્યારના સંદર્ભમાં કહીએ તો જાણે પિકનિક પર જવાના હોય તેમ ખૂબ જ આનંદિત થઈને વનમાં જવા લાગ્યા.



બધાં ગોપબાળકો અને સખીઓ શ્રીકૃષ્ણ સાથે ગયાં પરંતુ બળભદ્ર કોઈ કામ હોવાથી વૃન્દાવનમાં જ રોકાઈ ગયા. વનમાં ગયેલાં બાળકો વાછરડાંઓનાં જુદાં જુદાં ટોળાં કરી તેઓને વનમાં ચરાવતા મૂકીને અનેક પ્રકારની રમતો રમવા લાગ્યાં અને ક્રીડાઓ કરવા લાગ્યાં. એકબીજાની શિંગ વગેરે ચોરવા લાગ્યાં અને ખબર પડી જાય ત્યારે દૂરથી ફેંકવા લાગ્યા. માતા-પિતાઓએ સુવર્ણના તથા રત્નોના અલંકારોથી તેમને શણગાર્યાં હતાં છતાં પણ પલ્લવોનાં, પુષ્પોનાં તથા મયૂરપિચ્છોના હાર બનાવી ધારણ કરવા માંડ્યાં. પલ્લવોના આસન બનાવી સૂવા લાગ્યાં. શ્રીકૃષ્ણ જંગલની શોભા જોવા દૂર જાય અને તેમને પહેલા કોણ અડકે તેવી હરીફાઈ કરીને રમવા માંડ્યાં.

કેટલાંક વેણુ વગાડવા લાગ્યાં. કેટલાક શિન્ગડીઓ (લાકડામાંથી બનતી પીપૂડી) વગાડવાં લાગ્યાં. કેટલાંક પોતાના પડછાયાની હાંસી કરવા લાગ્યાં. કેટલાંક ભ્રમરોની સાથે એમના જેવો અવાજ કાઢી ગુંજારવ કરવા માંડ્યાં. કેટલાંક કોકીલાઓની સાથે ટહુકા કરવા માંડ્યાં. કેટલાંક આકાશમાં ઊડતાં પક્ષીઓની છાયા સાથે દોડવા લાગ્યાં અને તેમના જેવા અવાજો કાઢવા માંડ્યાં. કેટલાંક હંસોની સાથે ચાલવા લાગ્યાં. કેટલાંક બગલાઓની સાથે બેસવા લાગ્યાં. કેટલાંક મયૂરોની સાથે નાચવા લાગ્યાં. કેટલાંક વાંદરાઓની પૂંછ પકડી તેમની સાથે ઝાડ પર ચઢવા માંડ્યાં.

કેટલાંક દેડકાઓની સાથે કૂદવા માંડ્યાં.

અહીં બાળક્રીડામાં વિવિધ પશુ-પક્ષીઓના અવાજનું જે અનુકરણ કરતા હતા તેના માટે મહાત્માઓ એવું મંતવ્ય ધરાવે છે કે આ રીતે રસાત્મા ભગવાન શ્રીકૃષ્ણ પોતાના ભક્તોને દશ રસનો અનુભવ કરાવતા હતા. જે વિવિધ અવાજોનું અનુકરણ કરતા હતા તેમાં ૧. ચકોર પક્ષીનો અવાજ - શૃંગારરસ. ૨. ક્રોંચનો અવાજ - વીરરસ. ૩. ચક્રવાકનો અવાજ - કરુણરસ. ૪. ભારદ્વાજનો અવાજ - અદ્ભુતરસ. ૫. મયૂરનો અવાજ - હાસ્યરસ. ૬. વાઘ-સિંહ વગેરેના અવાજથી ડરેલા પ્રાણીઓ સસલા વગેરે - ભયાનકરસ. ૭. ચરણસેવન - બીભત્સરસ. - ૮. મલ્લયુદ્ધ -રૌદ્રરસ. ૯. પલ્લવમાં પોઢતાં શ્રીકૃષ્ણ - શાંતરસ. ૧૦. ગોપોએ કરેલી શ્રીકૃષ્ણની ચરણસેવા - ભક્તિરસ. આમ મહાત્માઓના મતે આ લીલા દ્વારા ભગવાન શ્રીકૃષ્ણ વ્રજભક્તોને યથાધિકાર રસાનુભવ કરાવે છે એવું સમજાવે છે અને આ પશુ-પક્ષીઓના અને અન્ય રીતે કરાતા અવાજના અનુકરણને, આજની ‘અનુકરણ કળા’ એટલે કે ‘મિમિક્રી’ સાથે સરખાવે છે.

બ્રહ્મવેત્તાઓને બ્રહ્માનંદના અનુભવરૂપ, ભક્તજનોને ઈષ્ટદેવરૂપ, માયાના આવરણવાળાઓને મનુષ્યના બાળકરૂપ જણાતા અને જેના ચરણોની રજ માત્ર અનેક જન્મોના યોગાભ્યાસ ધરાવતાં યોગીઓને પણ દુર્લભ હતી, તેવા શ્રીકૃષ્ણની સાથે વિહાર કરતા તથા તેમનું નિરંતર પ્રત્યક્ષ દર્શન કરતા મહાભાગ્યશાળી ગોપબાળકો અને સખીઓ આ રીતે અને આ પ્રકારથી અનેકરૂપે ક્રીડાઓ કરતા હતા.

વિવેચકો અહીં લખે છે કે આ ગોપબાળકો પણ કેવા બડભાગી છે? તેમના ભાગ્યનું વર્ણન પણ કોણ કરી શકે? જેના દર્શન યોગીઓને પણ દુર્લભ છે તેઓ પરમાત્મા સાથે રમી રહ્યા છે. બ્રહ્મસંહિતામાં કહ્યું છે કે ભલે કોઈ પરમાત્માની વેદો, ઉપનિષદોમાં શોધ કરે પરંતુ તેઓ તો પોતાના ભક્તોને વધુ સુલભ છે. પૂર્વજન્મમાં કદાચ સંચિત ભક્તિરૂપી પુણ્યકર્મોના કારણે ગોપબાળકોને આ ફળ મળ્યું હોઈ શકે.

જ્યારે આવી સુંદર બાળક્રીડા ચાલતી હતી બરાબર તે જ સમયે સુખની અદેખાઈથી ઘેરાયેલો, પૂતનાનો અને બકાસુરનો નાનો ભાઈ, કંસની પ્રેરણાથી ત્યાં અદ્રશ્યરૂપે આવ્યો. તે વિચાર કરવા લાગ્યો કે આ જ કૃષ્ણે મારા બે સહોદર

> **શ્રીકૃષ્ણ સહિત તમામ બાળકોને મારી નાખવા આવેલા કંસ પ્રેરિત અઘાસુરે ‘મહિમા’ નામની યોગસિદ્ધિના પ્રભાવનો ઉપયોગ કરી પોતાના શરીરનો વિસ્તાર કર્યો અને એક યોજન (આઠ માઈલ) લાંબા પહાડ જેવા પુષ્ટ અને ગુફા જેવડા મોટા મોઢાવાળા અજગરનું આશ્ચર્યજનક રૂપ ધારણ કરી, શ્રીકૃષ્ણ સહિત તમામ બાળકોને ગળી જવાના પ્રયોજન સાથે ત્યાં માર્ગ વચ્ચે સૂઈ ગયો**

ભાંડુઓનો વિનાશ કર્યો છે માટે તેનો બદલો લેવા અને મારાં ભાઈ-બહેનની સ્મૃતિમાં તેમને અન્ન અને જળની અંજલિ આપવા માટે (તિલાંજલિ, પિંડદાન) આ કૃષ્ણને તથા તમામ બાળકોને આજે હું મારી નાખીશ. ત્યાર બાદ નંદ વગેરે વ્રજવાસીઓ તો મરેલા જેવા જ થઈ જશે. પ્રાણીઓ પુત્રોને જ પ્રાણતુલ્ય ગણે છે માટે પુત્રોને મારી નાખવાથી બધા શબતુલ્ય જ બની જશે. આ પ્રમાણે નિશ્ચય કરી સ્વર્ગલોકને પણ ભયભીત કરનાર એ દુષ્ટ ‘અઘાસુર’ નામના દૈત્યે, ‘મહિમા’ નામની યોગસિદ્ધિના પ્રભાવનો ઉપયોગ કરી પોતાના શરીરના વિસ્તારનો પ્રારંભ કર્યો.

અહીં નોંધ લઈએ કે સામાન્ય રીતે દરેક અસુર જુદા જુદા પ્રકારની સિદ્ધિઓને પ્રાપ્ત થયેલા હોય જ છે. આ ‘મહિમાસિદ્ધિ’માં ઈચ્છાનુસાર શરીરનો વિસ્તાર થઈ શકે છે. ભગવાન શ્રીકૃષ્ણ સહિત તમામ બાળકોને મારી નાખવા આવેલા કંસ પ્રેરિત અઘાસુરે ‘મહિમા’ નામની યોગસિદ્ધિના પ્રભાવનો ઉપયોગ કરી પોતાના શરીરનો વિસ્તાર કર્યો અને એક યોજન (આઠ માઈલ) લાંબા પહાડ જેવા પુષ્ટ અને ગુફા જેવડા મોટા મોઢાવાળા અજગરનું આશ્ચર્યજનક રૂપ ધારણ કરી, શ્રીકૃષ્ણ સહિત તમામ બાળકોને ગળી જવાના પ્રયોજન સાથે ત્યાં માર્ગ વચ્ચે સૂઈ ગયો. (ક્રમશઃ)